મતદારોને ઉત્સાહિત કરવા તંત્ર અને ઉમેદવારોનો સહિયારો પુરૂષાર્થ

જિલ્લાનાં રાજકીય સમીકરણોમાં સકારાત્મક બદલાવ લાવી શકશે ?

- ઉમેદવારો ઉમંગમાં પણ મતદારો મૂંઝવણમાં છે
- પક્ષોની આંતરિક જૂથ બંધીએ મતદારોને વધુ નિરૂત્સાહી બનાવ્યા છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને લઈ ઉમેદવારો ઉમંગમાં જોવા મળી રહ્યા છે પણ મતદારોની ઉદાસીનતા બને નિષ્ક્રીયતાએ રાજનીતિકારોને વિચારતા કરી દીધા છે.

જિલ્લામાં નવા સીમાંકન પ્રમાણો લોકસભા પછી પ્રથમવાર સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે. લોકસભાની ચૂંટણીમાં સીમાંકનના ફેરફારોની બહુ ખબર જોવા મળી નહતી. પરંતુ આ સામાન્ય ચૂંટણીથી સીમાંકનના ફેરફારો નવા રાજકીય સમીકરણો બનાવશે એ વાત નિશ્ચિત બની ચુકી છે.

રાજનીતિકારોએ જિલ્લામાં શાતિ અને વિસ્તારના રાજકારણને વધુ મહત્વ આપવાનો પ્રયાસ કર્યો પણ મતદારો પોતાના વિસ્તારના વિકાસની વળને લઈ હવે ઉમેદવારોને મતદાન કરવાનું વિચારી રહ્યા છે.

નવા રાજકીય સમીકરણોને જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી આ નવા સમીકરણોનું એ.પી. સેન્ટર કલોલ અને ગાંધીનગર(ઉ) વિધાનસભા બનશે તેમ મનાઈ રહ્યું છે. આ બંને તાલુકાઓમાં રાજકીય

ચૂંટણીની ચોપાટ

ચહલપહલોએ સૌનું ધ્યાન કેન્દ્રીય કર્યું છે. આ બંને તાલુકામાં મિત્ર મંડળનું રાજકારણ તો ખેલાડી રહ્યું છે પણ સાથોસાથ બીજું બધું પણ ઘણું ઝડપથી બદલાઈ રહ્યું છે.

આ ઉપરાંત જિલ્લાના અન્ય ત્રણ વિસ્તારોમાં પણ ધીમીગતિ બે રાજકીય સમીકરણો ઝડપથી બદલાઈ જવાની કવાયત કરતા નજરે પડી રહ્યા છે.

જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકો પર બંને મુખ્ય સ્પર્ધક પક્ષોમાં આંતરિક જૂથ બંધી જે પ્રર્વતી રહી છે તેના પડઘા સત્તા પડઘાઈ રહ્યા છે ત્યારે સમીકરણો પણ સતત બદલતા રહેવાના એ પણ એટલું જ સત્ય છે.

જિલ્લાના વિકાસ કે અન્ય મુદ્દાઓ પર બંને પક્ષોએ જે ચુપકીદી સાધઈ છે તેને લઈ મતદારની મૂંઝવણ વધુ ઘેરી બની છે. મતદાર હતોત્સાહી બની બની રહેલી ઘટનાઓનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યો છે. પાંચ વર્ષનું મતદારનું મૌન મત સ્વરૂપે જ પડઘાશે ત્યારે રાજનીતિકારોએ હવે તેમની રાજનીતિના પાસા નવા કેવા નાખવા તેના પરની કવાયત હાથ ધરી છે.

ઉમેદવારો ઉમંગમાં ગ્રુપ બેઠકો મોજી મતદારોને ઉત્સાહિત કરવાના નુસખા અપનાવી રહ્યા છે. આ ઉપરાંત મિત્ર મંડળનું રાજકારણ અને પ્રચારીર માધ્યમોનો પણ ઉપયોગ કરવા સહિતના પ્રયાસો હવે હાથ પર લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. રિક્ષાઓમાં બેસી સતા ભ્રમણ કરી અને પક્ષના મેલોડી ગીતોથી પણ

● અનુસંધાન પાન-૭ પર

હિસાબોમાં વિસંગતતાના પગલે જિલ્લાના દસ ઉમેદવારોને નોટીસ

ગાંધીનગર, તા. ૮

જિલ્લાના ૧૦ ઉમેદવારોને તેમના હિસાબોમાં વિસંગતતાને લઈ અને ૩ ઉમેદવારોને સમયસર હિસાબો રજુ નહિ કરવા માટે ચૂંટણી અધિકારીઓએ નોટીસ ફટકારી છે.

જિલ્લામાં પાંચ વિધાનસભા મતદાર વિભાગો પર ૪૩ ઉમેદવારો ચૂંટણી જંગ લડી રહ્યા છે. ખર્ચ નિયંત્રણ અંગે ચૂંટણી પંચ અત્યંત આગ્રહી બન્યું છે. ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભર્યા બાદ ત્રણ તબક્કે તેમના દ્વારા થતા ખર્ચ રજુ કરવામાં આવે તેવી સામાન્ય સૂચનાઓ છે.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મત વિસ્તારના ૩ ઉમેદવારોએ સમયસર તેમના હિસાબો રજુ કર્યા નથી તેમાં કલોલ, ગાંધીનગર (ઉ) અને દહેગામ બેઠકના એક-એક ઉમેદવારનો સમાવેશ થાય છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઉમેદવારોએ રજુ કરેલા હિસાબોની ચકાસણી તંત્રએ કરેલા શેડો રજીસ્ટર સાથે સરખાવતા ૧૦ ઉમેદવારોના ખર્ચમાં રૂ. ૧૦હજારથી લઈ રૂ. ૬૯ હજાર સુધીના તફાવત જણાતાં આ ઉમેદવારોને ચૂંટણી અધિકારી દ્વારા નોટીસો પાઠવવામાં આવી છે.

આ ૧૦ ઉમેદવારો મુખ્ય પક્ષોના ઉમેદવાર છે અને તેમને ચૂંટણી ખર્ચ મોનીટરીંગ સૂચનાના પેરા નં. પઃ૪ અન્વયે આ નોટીસ પાઠવી ત્રણ દિવસમાં તે અંગેની સ્પષ્ટતાઓ કરવા માટે જણાવવામાં આવ્યું છે.

જે ૩ ઉમેદવારોએ તેમના ખર્ચ સમયમર્યાદામાં રજુ કર્યા નથી તેમાં એક નવા રચાયેલા પક્ષના ઉમેદવાર, એક રાષ્ટ્રીય પક્ષના તથા એક અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે. મળતી વિગતો મુજબ નવા રચાયેલ પક્ષ અને રાષ્ટ્રીય પક્ષના ઉમેદવારોને તંત્રની નોટીસ મળતાંજ તેમણે પોતાના હિસાબ રજુ કરી દીધા છે.

હવે આ હિસાબોની ચકાસણી ચાલી રહી છે. જે એકાદ દિવસમાં સંપન્ન થશે તેમ મનાઈ રહ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્રએ ખર્ચ નિયંત્રણ અંગે જે શેડો રજીસ્ટર બનાવ્યું છે તેમાં ૧૬૮ જેટલી બાબતોને આવરી લેવામાં આવી છે. આ રજીસ્ટર તૈયાર કરતાં પહેલાં તંત્રએ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠકો પણ યોજી હતી અને તેમની પાસેથી વાંધાસૂચનો મેળવી તેમની સાથે સંપૂર્ણ સહમતિ સધાયા બાદ તૈયાર કરવામાં આવેલ છે.

ચૂંટમી ખર્ચના હિસાબોની ચકાસણી હવે ૧૦મીના રોજ હાથ ધરવામાં આવનાર છે. આ માટે તંત્રએ પણ તૈયારીઓ કરી લીધી છે.

રાજ્યમાં ૧૫ લાખ મકાનની જાહેરાત હજુ પૂર્ણ કરાઈ નથી : અજય માકન

ઢંઢેરામાં ૫૦ લાખ મકાનોની જાહેરાત થઈ હતી : ભાજપ સરકાર રાજ્યની જનતા સાથે દગો કરે છે : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૮

કેન્દ્રીય શહેરી વિકાસ અને ગરીબી ઉન્મૂલન મંત્રી અજય માકને પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભાજપા દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી ઢંઢેરામાં ૫૦ લાખ મકાન બનાવવાની ઘોષણા કરી છે. આવી જાહેરાત ૨૦૦૨ની ચૂંટણીના ઢંઢેરામાં ૧૫ લાખ મકાનો બનાવવા કરી હતી. જે પૂર્ણ કરવામાં આવી નથી. કેન્દ્રના શહેરી વિકાસ વિભાગના આંકડાઓ જોતા એવું જણાય છે કે ગુજરાતની ભાજપ સરકાર જનતા સાથે દગો કરી રહી છે.

માકને જણાવ્યું હતું કે, ૨૦૦૫થી અત્યાર સુધીમાં ભારત સરકારે ૨૪૯૨ કરોડ રૂપિયા પ્રોજેક્ટ મકાન બનાવવા માટે ગુજરાત સરકારને મંજૂર કરી આપ્યા છે. જે રકમમાંથી ૧ લાખ ૩૯ હજાર ૪૯૦ મકાન બનાવવાના હતા.

પરંતુ અફસોસની વાત એ છે કે ગુજરાત સરકારે માત્ર ૫૫,૩૯૯ મકાન જ બનાવી ગરીબ લોકોને એલોટ કર્યા છે. જો ગુજરાત ભાજપની વહીવટની આવી સ્થિતિ હોય તો તેઓ કઈ રીતે ૨૦૧૨ના ચૂંટણી ઢંઢેરામાં કહી શકે કે તેઓ ૫૦ લાખ મકાનો ગુજરાતના લોકો માટે બનાવશે. ગુજરાતના ભાજપાના મુખ્યમંત્રી દ્વારા એવો આક્ષેપ કરાયા છે કે કેન્દ્ર સરકાર ગુજરાત સાથે ભેદભાવ કરી રહી છે તેને વખોડી કાઢતા માકને સ્પષ્ટતા કરી હતી કે કેન્દ્ર સરકાર અત્યાર સુધી ૭૩ ટકા રૂપિયા આપી છૂટી છે તેની સામે માત્ર ૩૯ ટકા મકાન બનાવવામાંઆવ્યા છે. વાસ્તવમાંકેન્દ્રની ગ્રાન્ટનો ગુજરાત સરકાર અમલીકરણ કરી વાપરી નથી.

રાજીવ ગાંધી આવાસ યોજનાનો ઉલ્લેખ કરી માકને જણાવ્યું હતું કે આ યોજના અંતર્ગત રાજ્યોને એક સર્વે કરીને જ્યાં ઝૂંપડી હોય ત્યાં મકાન બનાવવા માટે પ્લાન તૈયાર કરીને કેન્દ્રને મોકલવામાં આવે જેથી ગ્રાન્ટ ફાળવી શકાય. પરંતુ ગુજરાત સરકારે કમનસીબે આ સર્વે કર્યો નથી.

આપણી પણ ચિંતા કરે એવું શાસનઃ
ગુજરાત ઝંખે છે એવું પરિવર્તન
લાવશે ગુજરાત પરિવર્તન પાર્ટી



કેશુભાઈ પટેલે ભૂતકાળમાં પ્રજાને રાહત આપનારી પ્રજાવત્સલ સરકાર આપી હતી.

"ગુજરાત પરિવર્તન પાર્ટી"ની સરકાર આવે તો પ્રજાને રાહત આપવાના સંવેદનાસભર અભિગમ સાથે; નાગરિક બાબતોના તલસ્પર્શી અભ્યાસ બાદ ઘડાયુ છે આ
'પરિવર્તન પેકેજ.'

સંપૂર્ણ સલામતીઃ
જેમના શાસનમાં ગુજરાત સંપૂર્ણ સલામત હતું; એવા કેશુભાઈ પટેલના નેતૃત્વમાં ફરી એકવાર સંપૂર્ણ સલામતીની ખાત્રી.

મોંઘવારી સામે રાહતઃ
- પેટ્રોલ,ડીઝલ,સી.એન.જી.ના વેટમાં ૩૦% ઘટાડો.
- સંઘરાગૅસના સિલિન્ડર પર રૂ. ૧૦૦ની રાહત.
- શહેરીજનોને ૩૦૦ યુનિટ સુધી વીજબીલમાં ૫૦% રાહત.
- એસ.ટી. બસના ભાડામાં ૨૦% ઘટાડો.

ગામડાઓને રાહતઃ
- ગામડાના પરિવારને ઘરની વીજળી વિનામૂલ્યે.

મારું પોતાનું ઘરઃ
- ગામડાના ઘરવિહોણા પરિવારોને વિનામૂલ્યે ૧૧૦ ચો.વારની પ્લોટ, બાંધકામ માટે સરળ હપ્તાનો લોન તથા રૂ. ૨૫,૦૦૦ની સહાય.
- શહેરોમાં પોસાય તેવા ભાવે ઘરો ડ્રો દ્વારા અપાશે.

બેરોજગાર યુવાનો માટે સ્વાભિમાન પેકેજઃ
- સ્ટેજ્યુએટ બેરોજગાર યુવાનોને રૂ. ૨૦૦૦નું તથા ધો.૧૨ પાસ બેરોજગાર યુવાનોને રૂ. ૧૫૦૦નું માસિક ભત્થું.

ખેડૂતોને અભૂતપૂર્વ રાહતઃ
- ખેતી માટે વીજળી વિનામૂલ્યે અપાશે.
- તમામ પેન્ડીંગ વીજ કનેક્શનોને બે વર્ષમાં જોડાણ.
- ટેકાના ભાવથી ખેતપેદાશોની ખરીદી.
- રાસાયણિક ખાતર, દવાઓ પરથી વેટ સંપૂર્ણ નાબૂદ.
- ભૂંડ અને રોઝ દ્વારા પાકને થતા નુકશાનને રોકવા દરેક ખેતરને ફેન્સીંગની ૮૦:૨૦ની યોજના.

પાણી માટેઃ
- ૫ વર્ષમાં નર્મદા યોજના બધી કેનાલો સાથે પૂર્ણ કરાશે.
- કલ્પસર યોજના મૂળસ્વરૂપે અમલ. લાખો હેકટર જમીનમાં સિંચાઈ, ૫૮૮૦ મે.વો. વીજળી; દક્ષિણ ગુજરાત-મુંબઈ અને સૌરાષ્ટ્ર- વચ્ચે અંતર ઘટશે.

શહેરી વિસ્તારના નાગરિકો માટેઃ
- સુચિત સોસાયટીઓ ટોકન ફી લઈને કાયદેસર કરાશે.

આરોગ્યઃ
- સરકારી દવાખાનામાં કિડની, કેન્સર સહિતના ઓપરેશન વિનામૂલ્યેઃ દવાઓ વિનામૂલ્યે.

નીરક્ષા તથા માલધારી/પશુપાલકો માટેઃ
- નીરંતર સુરક્ષા માટે રસોલ્યિલ રસવૉક.
- માલધારીના વાડા નિયમિત કરાશોઃ બે એકર ખેતીની જમીન ખરીદવા માટે છૂટ.

કોમ્યુનિટીઃ આદિવાસીઓને રાહત
- શૌચાલય વિહોણા તમામ ઘરોને શૌચાલયની સુવિધા.
- કુપોષણથી છૂટકારોઃ આદિવાસી પરિવારને દર મહિને રૂ. ૮૦૦ની કુડ કુપન.

વચન પાળ્યા છેઃ વચન પાળીશું
જ્યું તે કર્યું છેઃ આ પણ કરી બતાવીશું

ગુજરાત પરિવર્તન પાર્ટી

ઈલે. વાયરમેન જોઈએ છે

સેકટર-૩૦, શ્રી ઝુલેલાલ - સાંઈબાબા મંદિર માટે પાર્ટટાઈમ ઈલેક્ટ્રીક વાયરમેન જોઈએ છે. સંપર્ક કરો.

ફોન : ૨૩૨૬૧૬૪૮
મો. : ૯૮૨૪૦ ૫૬૯૨૨

હાર્દિક અભિનંદન

પ્રો. રંગુસિંહ બી. સોલંકી, તલોદ
મહામંત્રી, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ

કોંગ્રેસના મહાનુભાવોએ આપની શક્તિ અને કાર્યક્ષમતા જોઈને સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના મહામંત્રી તરીકે આપની નિમણૂંક કરેલ છે. તે બદલ અમો સૌ ગૌરવની લાગણી અનુભવી આપને ખૂબ-ખૂબ અભિનંદન આપીએ છીએ. આપ ખૂબ નામના મેળવી સતત પ્રગતિ કરતા રહો એ જ અમારી સૌની અભ્યર્થના.

લિ.

ડો. હિરેન બાલુસિંહ મકવાણા
ડો. વિધિ હિરેનસિંહ મકવાણા
દેવુસિંહ શીવસિંહ ઝાલા
શૈલેષકુમાર ભોગીલાલ પટેલ
હર્ષદભાઈ ત્રીકમલાલ શાહ
જસુભાઈ એસ. જયસ્વાલ
કરનસિંહ રંગુસિંહ સોલંકી (બી.ફાર્મ)
જગદીશકુમાર એમ. પંચાલ
રમેશભાઈ આર. ઠક્કર
રહેમાનભાઈ આઈ. મનસુરી

ગુજરાત સરકારમાં વર્ષ 2013માં DY.SP/DCની નોકરી મેળવો!
KNOWLEDGE VALLEY
માસ્ટર મેરીટ કોર્ષ 2013
GPSC વર્ગ 1/2
Dy. SP | DC | MAMLATDER | TDO | SO
1350+ થી વધુ જગ્યાઓ ફક્ત સમયમાં પ્રસિદ્ધ
પરીક્ષા સંભવિત : સિવિલ મે - 2013, મુખ્ય જાન્યુ. 2013
KNOWLEDGE VALLEY
TCCI EDUCATION PVT. LTD.
HELPLINE NUMBER : 9909924328, 9328714588
GPSC CLASS 1/2
8000+ થી વધુ જગ્યાઓ
KNOWLEDGE VALLEY

॥ અભય ॥ ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com